દાખલ તારીખ : ૦૬/૦૪/૨૦૨૨
રજી.તારીખ : ૦૬/૦૪/૨૦૨૨
કેંસલ તારીખ : ૧૩/૦૪/૨૦૨૬
અવધી : વર્ષ માસ દિવસ
૦૪ ૦૦ ૦૭

**આંક :**

## ફોર્મ–એ

| |
|---|
| **જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, માણાવદર**<br><br>સમક્ષ : અતીત મહેશકુમાર મહેતા<br>જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ<br><br>**ફોજદારી કેસ નંબર : ૩૧૫/૨૦૨૨**<br>જજમેન્ટ તારીખ : ૧૩/૦૯/૨૦૨૫ |

| | |
|---|---|
| ફરીયાદી | ઉત્તમ ટ્રેડર્સના પ્રોપ્રાઈટર દરજજે<br>રાજેશકુમાર મનસુખભાઈ વસવેલીયા,<br>ઉ.વ.આ. : ૫૦, ધંધો : વેપાર,<br>રહે. એન.જી.મિલ પાછળ, મીતડી રોડ, માણાવદર. |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | જી. એલ. ઝાલાવડીયા |
| આરોપી પક્ષ | હાર્દિકભાઈ દિનેશભાઈ કોટક,<br>ઉ.વ.આ. : પુખ્ત, ધંધો : નોકરી,<br>રહે.૨૦, વસુંધરા બંગલો, આશુતોષ નગર,<br>રાજમહેલ એપાર્ટમેન્ટ પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ. |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | ડી. આર. અભાણી |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | – |
| એફ.આઈ.આર.ની તારીખ | – |
| ચાર્જશીટની તારીખ | – |
| પ્લી/તહોમતનામાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૩૧/૧૨/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૪/૨૦૨૫ |
| સજા હુકમની તારીખ, જો હોય તો | –– |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હાર્દિકભાઈ દિનેશભાઈ કોટક | – | – | નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ–૧૩૮ મુજબ. | –– | – | – |

## ફોર્મ–સી

## :: સાહેદોનુ લીસ્ટ ::

અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદી રાજેશકુમાર મનસુખભાઈ વસવેલીયાનું સરતપાસ નું સોગંદનામુ. |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::

અ. ફરીયાદ પક્ષ :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ થી ૧૭ | ફરીયાદીએ આરોપીને આપેલ ઘઉંના બિલ |
| ૨ | ૧૮ | ચેક નં.૦૬૩૨૮૨ |
| ૩ | ૧૯ થી ૨૧ | ચેક પરત ફર્યાના પત્ર |
| ૪ | ૨૨ | આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસ |
| ૫ | ૨૩ | રજી.એ.ડી.ની વિન્ડો સ્લિપ |
| ૬ | ૨૪ | રજી.એડી.ની એકનોલેજમેન્ટ |
| ૭ | ૨૫ | ડીમાન્ડ નોટીસનો આરોપી તરફે જવાબ |
| ૮ | ૨૬ | ફરીયાદીના આધારકાર્ડની ખરીનલક |

બ. બચાવ પક્ષ : નથી.
ક. ન્યાયાલય : નથી.
ડ. ભૌતિક વસ્તુઓ : નથી.

## -: ચુ કા દો :-

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ઉત્તમ ટ્રેડર્સના નામે માણાવદર મુકામે બારદાન તથા ઘઉંનો વેપાર કરે છે. ફરીયાદી અને આરોપી વચ્ચે સારા સબંધો છે. આરોપીએ સબંધના નાતે ફરીયાદી પાસેથી ઘઉંની ખરીદી કરવા જણાવતાં, ફરીયાદીએ આરોપીને સબંધના નાતે મહેન્દભાઈ અઘેરા, રહે.જુનાગઢવાળાને વચ્ચે રાખી રૂા.૫૫૦/–પ્રતિ મણના ભાવથી ૩૦૦ મણ ઘઉં આરોપીને બિલ નં.ટીએફ/૦૦૧થી તા.૧૫–૧૧–૨૦૨૧ ના રોજ વેચાણ કરેલ. આ બિલની રકમ રૂા.૧,૬૫,૦૦૦/– થાય છે. તેમજ રૂા.૫૫૦/– પ્રતિ મણના ભાવથી ૩૦૦ મણ ઘઉં આરોપીને બિલ નં.ટીએફ/૦૦૨થી તા.૧૬–૧૧–૨૦૨૧ના રોજ વેચાણ કરેલ. આ બિલની રકમ રૂા.૧,૬૫,૦૦૦/– થાય છે તેમજ રૂા.૫૫૦/–પ્રતિ મણના ભાવથી ૩૧૦ મણ ઘઉં આરોપીને બિલ નં.ટીએફ/૦૦૩થી તા.૧૭–૧૧–૨૦૨૧ના રોજ વેચાણ કરેલ. આ બિલની રકમ રૂા.૧,૭૦,૫૦૦/– થાય છે. આમ કુલ મળી રૂા.૫,૦૦,૫૦૦/–ના ઘઉંનું વેચાણ ફરીયાદીએ આરોપીને કરેલ છે. ત્યારબાદ ફરીયાદીને તેમના બાકી રહેતા નાણાંની જરૂરીયાત પડતાં, તેઓની લેણી રકમ ચુકવી આપવા આરોપીને જણાવતાં, થોડા સમય બાદ આરોપીએ એકસીસ બેંક, જુનાગઢ શાખાનો પોતાના ખાતાનો ચેક નં .૦૬૩૨૮૨, તા.૧૬–૧૧–૨૦૨૧નો રૂા.૫,૦૦,૦૦૦/–નો પોતાની સહી કરી ફરીયાદીને આપેલો. ફરીયાદીએ સદર ચેક પોતાના બેંક ખાતામાં પ્રથમ વખત તા.૧૬–૧૧–૨૦૨૧ ના રોજ વસુલાત માટે નાખેલ, જે તા.૧૮–૧૧–૨૦૨૧ના રોજ 'Kindly contact drawer/drawee bank and please present again'ના શેરા સાથે રીટર્ન મેમો સહીત પરત ફરેલ. ત્યારબાદ બીજી વખત તા.૨૬–૧૧–૨૦૨૧ના રોજ વસુલાત માટે નાખેલ, જે તા.૨૯–૧૧–૨૦૨૧ના રોજ 'Drawers signature differs'ના શેરા સાથે રીટર્ન મેમો સહીત પરત ફરેલ. ત્યારબાદ ત્રીજી વખત તા.૧૧–૦૨–૨૦૨૨ના

રોજ સદર ચેક વસુલાત માટે નાખેલ, જે તા.૧૪–૦૨–૨૦૨૨ના રોજ 'Payment stopped by drawer'ના શેરા સાથે રીટર્ન મેમો સહીત પરત ફરેલ. આરોપીએ આપેલ સદર ચેક બેંકમાંથી પરત ફરતાં, ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફત તા.૧૯–૦૨–૨૦૨૨ના રોજ રજી.એ.ડી.થી આરોપીને ડીમાન્ડ નોટીસ મોકલાવેલ, જે આરોપીને તા.૨૩–૦૨–૨૦૨૨ના રોજ બજી ગયેલ. તેમ છતાં આરોપીએ તેઓની લેણી રકમ પરત ચુકવેલ નથી. જેથી ફરીયાદીને હાલની ફરીયાદ લાવવા ફરજ પડેલ છે, અને હાલની ફરીયાદ થકી આરોપીને એન.આઈ.એકટની કલમ–૧૩૮ અન્વયે સખત સજા, બમણી રકમનો દંડ કરવા અને ફરીયાદીને ચેકની રકમ અપાવવા દાદ માંગેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ ફોજદારી રજીસ્ટરે લઈ આરોપીઓ સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ સમન્સ ઈસ્યુ કરવાનો મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ હુકમ કરેલ.

(૩) આ કામના આરોપી અદાલતમાં હાજર થતા તેઓની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે આંક–૫ થી પ્લી નોંધવામાં આવતા ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફે ફોર્મ–સી મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે અને આંક–૪૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષના પડેલ પુરાવા અન્વયે આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા તેઓએ પોતાની વિરૂધ્ધના પુરાવાનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવના સાહેદો તપાસવાનો અને સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે, અને વિશેષમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીને ધીરૂભાઈ મેંદપરાને મહેન્દ્રભાઈ અઘેરાએ આપેલ ચેક ધીરૂભાઈ મેંદપરા એ ફરીયાદીને આપી તેની પાસે દુરઉપયોગ કરાવેલ છે, ફરીયાદી કોઈ ઘઉંનો વેપાર કરતા નથી અને આરોપીએ ખરીદ કરેલ નથી, ખોટા બિલો બનાવેલ છે, આરોપીએ કોઈ ચેક

ફરીયાદીને આપેલ નથી, આરોપી કયારેય ફરીયાદીને મળેલ નથી, ફરીયાદીએ ચેકનો દુરઉપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે, આરોપી નિર્દોષ છે.

(૬) આ કામે ફરીયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી જી.એલ.ઝાલાવડીયા દ્દરા આંક–૫૧ તેમજ આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી ડી.આર.અભાણી ધ્વારા આંક–૪૬ થી લેખિત દલીલો કરવામાં આવેલ છે, જે વંચાણે લીધી. તે ઉપરાંત, પક્ષકારો તરફે તેઓની દલીલોના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ઉચ્ચ અદાલતોના ચુકાદાની નકલો રજુ રાખવામાં આવેલ છે, જે માનસહ વંચાણે લીધા.

(૭) ઉપરોકત હકીકતોએ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

| | **–: મુદ્દા :–** |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા પેટે ફરીયાદીને રૂા.૫,૦૦,૦૦૦/– વસુલ આપવાના હેતુથી ફરીયાદીનેતા.૧૬–૧૧–૨૦૨૧ના રોજનો ચેક નં.૦૬૩૨૮૨ નો એકસીસ બેંક–જુનાગઢ શાખાનો ફરીયાદીની પેઢી જોગનો લખી આપતા સદરહુ ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં ત્રણ વખત રજુ કરતા સદર ચેક અલગ–અલગ કારણો સબબ વગર સ્વીકાર્યે પરત આવતા, ફરીયાદીએ આરોપીને નિયત સમય મર્યાદામાં નોટીસ આપવા છતાં નિયત સમયમાં ફરીયાદીની લેણી રકમ ભરપાઈ ન કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય કારણો સહીત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**–: <u>કારણો</u> :–**

**<u>મુદ્દા નં.૧</u> :–**

(૯) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબત નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ.

| | |
|---|---|
| (૧) | ડીસ ઓનર થયેલ ચેક લખ્યા તારીખથી છ માસની અંદર આરોપીની બેન્કમાં રજુ થયેલ હોવા જોઈએ. |
| (૨) | ફરીયાદીની બેન્ક (કલીયરીંગ બેન્ક) તરફથી ચેકની બીન ચુકવણી થયાના ૩૦ દિવસમાં ''હોલ્ડર ઈન ડયુ (HOLDER IN DUE COURSE) યથાનુક્રમે ધારણ કરનાર ડ્રોઈ અગર તો પેયી એ ચેકના ડ્રોઅર (આરોપી) ને ચેક મુજબની રકમની ચુકવણી કરવા માટે ડીમાન્ડ નોટીસ આપવી જોઈએ અને ડીમાન્ડ નોટીસમાં<br>મળ્યેથી ચુકવણી માટે દિન–૧૫ નો સમય આપવો જોઈએ. |
| (૩) | ચેક લખનારે (આરોપીએ) નોટીસ મળ્યા તારીખ બાદના ૧૫ દિવસમાં ચેક મુજબની રકમની ચુકવણી કરવામાં ડ્રોઅર (ચેક લખનાર) નિષ્ફળ ગયેલ હોવા જોઈએ. |
| (૪) | ડીમાન્ડ નોટીસની ચુકવણી કરવાના ૧૫ દિવસનો સમય પૂર્ણ થયાના પછીના એક માસમાં યોગ્ય હકુમત ધરાવતી અદાલતમાં |

| | |
|---|---|
| | ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ હોવી જોઈએ. |
| (૫) | જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી ક્ષેયી એ ચેક તેના કાયદેસરના લેણા પેટે મેળવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે. |

(૧૦) **<u>કલમ–૧૧૮: નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ વિશે માની લેવાની બાબત</u> :**

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(એ) અવેજ વિશે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતું અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવમાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(બી) તારીખ વિશે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(સી) સ્વીકારના સમય વિશે : સ્વીકારાયેલું દરેક વિનિમય પત્ર તેની તારીખ પછી અને તે પાકયા તારીખ પહેલા વ્યાજબી સમય માં સ્વીકારવામાં આવ્યું હતું.

(ડી) તબદીલીના સમય વિશે : કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(એફ) સ્ટેમ્પ વિશે : ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિયમ પત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જી) ધારક યથાક્રમે ધારક છે એમ માની લેવા વિશે : કોઈ વટાઉ ખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક યથાક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**કલમ–૧૧૯ : અનાદરનું પ્રમાણપત્ર સાબીત થયે માની લેવાની બાબત :**

જેનો અનાદર થયો હોય તેવા ખત ઉપરથી થયેલા દાવામાં અનાદરનું પ્રમાણપત્ર સાબીત થયે અનાદર થયાની હકીકત ના સાબીત ન થાય ત્યા સુધી અનાદર થયો છે એમ કોર્ટે માની લેવું જોઈએ.

**કલમ: ૧૩૮ – ખાતામાં અપુરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :**

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતા વધું છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓનો બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બન્ને કરવામાં આવશે.

**કલમ–૧૩૯ : ધારકની તરફેણમાં અનુમાન :**

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહી ત્યા સુધી એમ અનુમાન

કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: ફેડવા માટે મેળવ્યો હતો.

(૧૧) કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ બન્ને અનુમાનોની ધારણા કરવાની હોય છે. પરંતુ ઉપરોકત ધારણાઓનું ખંડન આરોપી કરી શકે છે અને તે ધારણાઓનું ખંડન કરવા માટે શંકાથી પર પોતાનો કેસ પુરવાર કરવાની જરૂર નથી. આમ,આરોપી પોતાનો બચાવ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબેલીટી વડે પુરવાર કરી શકે. આરોપી તરફે તે અનુમાનોનું ખંડન થયેથી ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આમ, કાયદા ધ્વારા પ્રસ્થાપિત કરેલ હકીકતો ધ્યાને લઈ આ કામે ફરીયાદ પક્ષ રજુ કરેલ પુરાવો તથા તે સંદર્ભે આરોપી દવારા લેવામાં આવેલ બચાવો ધ્યાને લઈ પુરાવાની ચર્ચા કરવી જોઈએ.

(૧૨) સૌ પ્રથમ ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદીએ સોંગંદપરની ફરીયાદમાં તેમજ સોગંદનામાં ઉપર આરોપીન ધંધો નોકરી દર્શાવેલ છે અને આ હાથ પરના કેસમાં ફરીયાદીએ આરોપીને આંક– ૧૫,૧૬,૧૭ થી રજુ કરેલ બીલ મુજબના ઘઉં વેચાણ કર્યાનો અને તેના અવેજ પેટે આરોપીએ ફરીયાદ વાળો ચેક ફરીયાદીને ચુકવણી પેટે આપ્યાનો કેસ લઈને આવેલ છે પરતું આંક –૧૩ થી નોંધવામાં આવેલી તેઓની ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, '' હું આરોપીને છેલ્લા ચાર વર્ષોથી ઘઉના વેપારના કારણે ઓળખું છું આ ચાર વર્ષોમાં આરોપી સાથે એકવાર ફોન ઉપર મુલાકાત થયેલી હતી રૂબરૂમાં કયારેય મળેલ નથી, આરોપીના મોબાઈલ નંબર શું છે તેની મને ખબર નથી, આરોપી શું વેપાર કરતા હતા તેની મને ખબર નથી.''પરંતુ ફરીયાદ અને સોગંદનામું જોવામાં આવે તો ફરીયાદીએ આરોપીનો ધંધો નોકરી દર્શાવેલ છે જયારે ફરીયાદી જ પોતાની ફરીયાદમાં આરોપીનો ધંધો નોકરી જણાવતા હોય તેવા સંજોગોમાં કુલ – ૧૮,૨૦૦ કિલો ઘઉં પોતાના ઘરમાં વર્ષનું અનાજ ભરતા હોય તે હેતુથી ૧૮,૨૦૦ કિલો ઘઉં ઘરવપરાશ માટે ભરવા તે ખુબ અશકય વાત છે આમ ફરીયાદીએ એક નોકરીયાત વ્યકિતને સૌપ્રથમ આટલા ઘઉ વેપાર કરવા માટે આપ્યા હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી કારણ કે, ફરીયાદી જ પોતે આરોપી એક નોકરીયાત વ્યકિત છે તેવું સોગંદ ઉપર

જણાવે છે.

વધુમાં આંક– ૧૫,૧૬ અને ૧૭ થી રજુ કરવામાં આવેલા બીલ ઘ્યાને લેવામાં આવે તો આરોપીને કયા સરનામાં ઉપર આ ઘઉ મોકલવામાં આવેલ છે તેનું કોઈ સરનામું જણાવવામાં આવેલ નથી તેમજ આ બીલની ઓફિસ પ્રત ઉપર બિલમાં જણાવેલો માલ કોઈએ સ્વીકાર્યો હોય અને ડિલેવરી ચલણ ઉપર સહી કરી આપેલ હોય તેવો લેશ માત્ર પુરાવો રેકર્ડ ઉપર નથી અત્રેની અદાલત સ્પષ્ટ નોંધે છે કે જયારે આટલી વિશાળ કવોન્ટીટીમાં માલ મોકલવામાં આવ્યો હોય ત્યારે તે કયા સરનામે મોકલવામાં આવેલ છે અને ડિલેવરી ચલણ વગર વેપારી શીરસ્તા મુજબ આ માલ સામાન્ય રીતે કોઈ વેપારી મોકલે નહીં અને જો મોકલે તો તેની ડિલેવરી ચલણ સાથે આ માલ આરોપીને મળી ગયો છે તેની ખરાઈના ભાગ સ્વરૂપે રેકર્ડ ઉપર રાખે માત્ર કોઈ વ્યકિતના નામથી બીલ બનાવી દેવાથી તે બીલ મુજબનો માલ તે બીલ ઉપર દર્શાવેલા વ્યકિતને મળી ગયો છે અને તે માલની ડિલેવરી વેચનારે આરોપીને કરી દીધી છે તેવું કોઈ સંજોગોમાં સાબીત થતું નથી, કારણકે ફરીયાદી દ્વારા બીલમાં ટ્રક નં. જીજે–૧૧એક્ષ– ૮૫૮૮ દર્શાવેલ છે પરતું ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, '' આ માલ મેં કોની ટ્રકામાં મોકલાવેલ છે તે મને યાદ નથી'' પરતું આંક – ૧૫,૧૬ અને ૧૭ માં જોવામાં આવે તો એક જ ટ્રકનો નંબર છે સામાન્ય બુધ્ધી મત્તા ધરાવતો વ્યકિત જયારે સળંગ ત્રણ દિવસ સુધી એક જ સરનામા ઉપર એક જ ટ્રકમાં માલ મોકલે ત્યારે જો તે વ્યકિત એવું કહેતો હોય કે મેં કોની ટ્રકમાં આ માલ મોકલેલ તે મને યાદ નથી ત્યારે અત્રેની અદાલત સ્પષ્ટ માને છે કે ફરીયાદી સદંતર ખોટી જુબાની આપે છે કે, કારણ કે ત્રણેય બીલમાંથી એક પણ બીલમાં માલ મેળવનારનું સરનામું દર્શાવેલ નથી અને કોની ટ્રકમાં આ માલ મોકલેલ છે તેની જાત માહીતી નથી પરંતું ત્રણેય બીલમાં ઉતમ ટ્રેડર્સના પ્રોપરાઈટર તરીકે નીચેના ભાગે ફરીયાદીની સહી છે જયારે ફરીયાદી એવું કહેતા હોય કે મેં કોની ટ્રકમાં આ માલ મોકલાવેલ તેવા સંજોગોમાં ફરીયાદીના કેસને અને તેની હકીકતો ને ભારોભાર શંકાથી જોવાની ફરજ થઈ પડે છે, ફરીયાદીએ પોતાની આખી ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ''

આ બધું મારા મહેતાજી સંભાળે છે, મેં ધોરણ –૫ સુંધી અભ્યાસ કરેલ હોય મને અંગ્રેજી વાંચતા લખતાં અને સમજતાં આવડતું નથી અને આંક– ૧૫ થી ૧૭ અને ૧૯ થી ૨૧ સુધીના દસ્તાવેજો અંગ્રેજીમાં હોય તે કયા દસ્તાવેજો છે તેની મને ખબર નથી'' વધુમાં ફરીયાદી જણાવેછે કે, હું આરોપીને છેલ્લા ચાર વર્ષથી ઘઉના વેપાર માટે ઓળખું છું પરતું આગળના ચાર વર્ષો માં કેટલા વ્યવહારો થયેલ તે બતાવવા આ ફરીયાદના કામે કોઈ પુરાવા રજુ કરેલ નથી કે આગળના ચાર વર્ષોમાં ફરીયાદી આરોપીને જાતે એક પણ વાર મળેલ નથી માત્ર ફોન પર એકજ વાર મળેલ છે જેથી અત્રેની અદાલત સ્પષ્ટ માને છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જ પાતાની જુબાનીથી વિપરીત આંક– ૧૫ થી ૧૭ ના બીલોમાં તે બીલો અંગ્રેજીમાં હોય જેથી તે બીલો વિશે તેની કોઈ જાણ ન હોય તેવું તે સ્પષ્ટ પણે જણાવે છે પરતું તેઓએ તે બીલો નીચે સહી કરેલ છે અત્રેની અદાલતનું સ્પષ્ટ પણે માનવું છે કે, જયારે ફરીયાદીનો સંપુર્ણ વ્યવહાર અને વેપાર અને તેના હિસાબ કિતાબ મેતાજી રાખતા હોય ત્યારે ફરીયાદીએ પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે મેતાજીને કોર્ટમાં તપાસવા જોઈએ પરતું ફરીયાદીએ આ કામે પાતાના કોઈ મેતાજીને સાક્ષી તરીકે તપાસેલા નથી માટે આ ફરીયાદ વાળો એક આંક– ૧૫ થી ૧૭ ના બીલમાં જણાવેલા ઘઉની ચુકવણી પેટે આરોપીએ આપ્યો હોય તે પુરવાર થતું નથી.

ઉપરોકત હકીકતો ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદી પોતાની ફરીયાદની ફાઉન્ડેશનલ ફેકટ કે જે વ્યવહાર ઉપર આઘાર રાખી ફરીયાદી આ ફરીયાદ લઈને આવેલ છે તે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૩) નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટની કલમ–૧૧૮, અને ૧૩૯ ના પ્રીઝમ્સનો ફરીયાદીની તરફેણમાં લાગુ પડે છે પરંતુ તેની પણ એક પૂર્વ શરત એ છે કે, ફરીયાદીએ ફરીયાદ ઉપર આઘાર રાખેલ હોય તેની ફાઉન્ડેશનલ ફેકટ સૌ પ્રથમ પુરવાર કરવી રહી ત્યારબાદ જ કલમ–૧૧૮ અને ૧૩૯ ના પ્રીઝમ્સનો ફરીયાદીના લાભમાં મદદરુપ થાય છે, વધુમાં ફરીયાદીએ રજુ કરેલ કુલ–૩ બીલો જો ઘ્યાને લેવામાં આવે તો તે બીલો ઉપર ટ્રાન્સપોર્ટરની કે આરોપીની આ ઘઉંની ડીલેવરી થઈ હોય તે અંગેની કોઈ સહી

કે સાખ નથી. સદર કામે ફરીયાદીએ આ બીલો મુજબના ઘઉં આરોપીને મોકલાવેલા હોય અને આરોપીને મળી ગયેલ હોય તેની કોઈ માલ મળ્યાની રસીદ, ટ્રાન્સપોર્ટ રસીદ, કોઈ એલ.આર. કોપી કે માલ ટ્રકમાં ભર્યા બાદ ટ્રકના વજન કાંટાની કોઈ રીસીપ્ટ કે પહોંચ રજુ કરી નથી કે જેના આધારે કોર્ટ એવા તારણ ઉપર પહોંચે કે બીલમાં જણાવેલ માલ આરોપીને મળી ગયેલ છે વધુમાં ફરીયાદી પોતે એક ખેડુત નથી પરંતુ એક વેપારી છે અને પોતે આટલી મોટી ક્વોન્ટીટીમાં ઘઉં કયા ખેડુતો પાસેથી પોતે ખરીદ કરીને આરોપીને વેચાણ કરેલ છે, આ તરીખો માં ફરીયાદી પાસે ટોટલ ૧૮,૨૦૦ કિલો ઘઉ સ્ટોકમાં હતા અને તે બતાવવા માટે કોઈ સ્ટોક રજીસ્ટર પણ આ કામે રજુ કરેલ નથી જેથી ફરીયાદી પાસે તે સમયે આટલા ઘઉ વેચાણ માટે હાથ ઉપર હતા કે કેમ? તે પણ પુરવાર થતું નથી કારણકે, આ કામે ત્રણ બીલ સીવાય બીજો કોઈ દસ્તાવેજી પુરાવો સ્ટોક રજીસ્ટર, આવક જાવકના હિસાબોના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી, વધુમાં પોતે કયા ખેડુત પાસેથી અથવા કયાંથી ખરીદ કરેલ છે તે અંગેનો કોઈ પુરાવો આ અદાલતમાં રજુ કરેલ નથી. માત્રને માત્ર વેચાણના બીલ રજુ કરેલ છે, પરંતુ ખરીદીને લગતા કોઈ બીલ, કોઈ હીસાબ કે કોઈ સાહેદોને પણ આ કામે તપાસેલ નથી, માટે ફરીયાદી તરફે જે વ્યવહાર ઉપર તે આધાર રાખે છે તે વ્યવહારની ફાઉન્ડેશનલ ફેકટ પુરવાર થયેલ નથી. આમ, આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસમાં પુછવામાં આવેલા પ્રશ્નોથી જ ફરીયાદીની ફાઉન્ડેશનલ ફેકટ વગરની હકીકતોને કલમ–૧૧૮ અને ૧૩૯ ના પ્રીઝમ્શનનું પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સીધ્ધાંતો મુજબ ખંડનાત્મક હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે, આમ જયારે માત્ર બીલ રજુ કરી દીધા હોય અને તે માલની ડીલેવરી ને લગતા કોઈ પુરાવાઓ અત્રેની અદાલતમાં રજુ કરેલ ન હોય અને ખાસ નોંધવુ રહયુ કે જયારે ફરીયાદીએ દસ્તાવેજોની કાળજી રાખ્યા વિના આ વ્યવહાર કર્યો" હોય તેવું બુધ્ધીગમ્ય નથી, માટે અત્રેની અદાલત માને છે કે, માત્ર બીલ ઉભા કરી દેવા ફરીયાદીએ ઘઉં આરોપીને સપ્લાય કરેલાની કોઈ હકીકત પુરવાર થઈ જતી નથી. સંપૂર્ણપણે ફરીયાદીનો પુરાવો અને ફરીયાદીની કન્ડકટ જોતા અત્રેની અદાલતનું સ્પષ્ટ માનવુ છે કે, ફરીયાદી આ કામે શરુઆતથી જ પાયાની હકીકતો છુપાવતા આવેલ

છે અને તેના અનુસંધાને પોતે જે વ્યવહાર ઉપર આધાર રાખીને ફરીયાદ કરેલ છે, તે વ્યવહાર જ નીશંક પણે પુરવાર થયેલ નથી. માટે જયારે ફરીયાદની પાયાની હકીકત નીશંકપણે પુરવાર ન થાય ત્યા સુધી કલમ–૧૧૮ અને ૧૩૯ નું કાયદાનું પ્રીઝમ્શનનું બળ ફરીયાદીને તેના લાભમાં મળી શકે નહીં.

વધુમાં આંક– ૨૨ થી રજુ આરોપીને આપવામાં આવેલી નોટીસ ના જવાબમાં આરોપીના વિ.વ.શ્રી દ્વારા ફરીયાદને આંક– ૨૫ થી રજુ નોટીસનો જવાબ અને કાઉન્ટર નોટીસ આપવામાં આવેલ છે પરતું ફરીયાદી દ્વારા આંક– ૨૫ ની નોટીસમાં આરોપીએ જે ખુલાસા કરી અને ફરીયાદીને પ્રતી નોટીસ આપેલ છે તે તમામ હકીકતો ફરીયાદીએ પોતાના સોગંદનામામાં જાણીબુજીને છુપાવેલ છે. આંક– ૨૫ વાળો જવાબ અને પ્રતિનોટીસ ધ્યાને લેવામાં આવે તો આરોપીનો સ્પષ્ટ બચાવ લેવામાં આવેલ છે કે, ફરીયાદીને આરોપી આજદીન સુધી મળેલા નથી કે ઓળખતા નથી મહેન્દ્રભાઈ અઘેરા પાસેથી વ્યાજે લીધેલી રકમ પેટે આપેલા ચેકોનો દુર ઉપયોગ ફરીયાદીએ કરેલ છે પરતું ફરીયાદીએ આરોપીના સ્પષ્ટ બચાવ અને આ નવી હકીકતને ખંડન કરવા માટે પોતાના સોગંદનામાંમાં કે ઉલટ તપાસમાં તે હકીકત ખોટી છે તેવું કોઈ ખંડન કરવામાં આવેલ નથી. અત્રેની અદાલત નોંધે છે કે, આરોપી તરફે લીધેલ સ્પષ્ટ બચાવ કે, અમો આરોપીને આજદીન સુધી મળેલા નથી કે આરોપીને ઓળખતા નથી તે બચાવ ફરીયાદીની ઉલટ તપાસથી સ્પષ્ટ પણે પુરવાર થાય છે અને આરોપીના શીરે રહેલો રીબંટલનો બોજો પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સીધાંન્તો મુજબ પાછો ફરીયાદીના શીરે શીફટ થાય છે માટે જયારે આરોપીએ લીધેલા સ્પષ્ટ બચાવ અંગે ફરીયાદીએ તેનું ખંડન કરવા કોઈ સાહેદો તપાસેલા ન હોય, તેવા કોઈ દસ્તાવેજો રજુ કરેલા ન હોય અને ચેકની ડીલ ેવરી અંગેના આરોપીના સ્પષ્ટ બચાવનું ખંડન કરતી કોઈ હકીકત કે પુરાવો પોતાની ફરીયાદ, સોગંદનામામાં જણાવેલ ન હોય કે, કોઈ સાહેદ તપાસેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જ સોગંદ ઉપરની જુબાનીથી જ આરોપીના શીરે રહેલો રીબંટલનો બોજો આરોપીએ પોતાના શીરેથી ઉતારેલ હોય તેવું અત્રેની અદાલતનું સ્પષ્ટ પણે માનવું

છે વધુમાં ચેક રીર્ટન મેમા જોવામાં આવે તો કુલ – ૩ વાર ચેક બેંકમાં એન્કેશમેન્ટ માટે નાખવામાં આવ્યા હતા પરંતું ત્રણેય વાર ચેક રીર્ટનના કારણો અલગ અલગ છે અને સૌપ્રથમવાર **''કોન્ટેક ટુ ડ્રોઅર ''** અને બીજી વાર '' **ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર્સ''** અને ત્રીજીવાર '' **પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅર્સ''** ના શેરાથી ચેક પરત ફરેલ છે. હાથ પરના કેસમાં જયારે આરોપીનો સ્પષ્ટ બચાવ છે કે, અમારે ફરીયાદી સાથે કોઈ ઓળખાણ નથી કે ફરીયાદી સાથે અમારે આવો કોઈ ફરીયાદમાં જણાવેલો ઘઉનો વેપાર થયેલ નથી અને મારા ચેક મહેન્દ્રભાઈ અઘેરા પાસેથી ફરીયાદીએ મેળવી ચેકનો દુર ઉપયોગ કરેલ હોય અને તે બચાવનું ખંડન કરવા ફરીયાદીએ કોઈ સાહેદ તપાસેલ નથી અને બેંકના પણ કોઈ વિટનેશ કે કયા કારણસર આરોપીએ '' સ્ટોપ પેમેન્ટ'' કરાવેલ છે તે બતાવવા કોઈ બેંકના સાહેદ તપાસેલા નથી. આમ જોવા જતાં ફરીયાદીનો કેસ અત્રેની અદાલતનું સ્પષ્ટ માનવું છે કે, આરોપીના ચેક કાયદેસરની લેણી રકમ સામે ફરીયાદીને મળેલ નથી અને ફરીયાદી પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય નેગોશીએબલ એકટની કલમ– ૧૧૮ અને ૧૧૯ નું કોઈ પ્રીઝમ્શન મળવા પાત્ર નથી.

(૧૪) વધુમાં ફરીયાદી તરફે નામ.સુપ્રિમ કોર્ટનુ અશોકસિંગ વિ. સ્ટેટ ઓફ યુપીનુ જજમેન્ટ પોતાની દલીલના ભાગરૂપે રજુ રાખેલ છે પરંતુ તે જજમેન્ટની હકીકતમાં રોકડા હાથ ઉછીના લોનના વ્યવહાર અંગેની તકરારમાં નામ.સુપ્રિમ કોર્ટે નિર્ણય આપેલ છે જયારે હાથ પરના કેસમાં ફરીયાદીએ આરોપીને ઘઉ વેચાણ કર્યાની હકીકત બતાવી પોતાનો કેસ રજુ કરેલ છે જેથી ફરીયાદી તરફે રજુ કરેલ જજમેન્ટ તેઓને મદદરૂપ થતુ નથી તેવુ સ્પષ્ટ અત્રેની અદાલતનુ માનવુ છે.

માટે અત્રેની અદાલતનુ સ્પષ્ટ માનવુ છે કે ફરીયાદી ધ્વારા પોતાનો કેસ પુરવાર કરવા જે ફાઉન્ડેશનલ ફેકટ પુરવાર કરવી જોઈએ તે પુરવાર કરેલ નથી. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮, ૧૩૯ નો પ્રિઝમ્શનનો લાભ ફરીયાદીને પ્રાપ્ત થતો નથી માટે ઉપરોકત તમામ ચર્ચા, પુરાવાઓ અને દસ્તાવેજો ધ્યાને લઈ ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ ન હોય, મુદા નં.૧ નો જવાબ નકારમાં

આપી મુદા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : : આ ખ રી હુ ક મ : : –**

૧. આ કામના આરોપી હાર્દિકભાઈ દિનેશભાઈ કોટક, રહે.૨૦, વસુંધરા બંગલો, આશુતોષ નગર, રાજમહેલ એપાર્ટમેન્ટ પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૫૫(૧) મુજબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૭(એ) મુજબ એપેલેટ કોર્ટમાં હાજર રહેવા અંગેના રૂા.૫૦૦૦/– ના નવા જામીન તથા મુચરકા રજુ કરવા. આ જામીનખત તથા મુચરકા છ માસ સુધી ચાલુ રહેશે.

આ હુકમ આજ તારીખ : ૧૩મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર
તા.૧૩/૦૪/૨૦૨૬

( અતીત મહેશકુમાર મહેતા )
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માણાવદર
Code No.GJ01521